ગાંધીનગર સમાચાર



# શહેરમાં વૃક્ષ છેદનને અટકાવવા આજથી ૬ ટીમો પેટ્રોલીંગ કરશે

**મુખ્ય વન સંરક્ષકની સુચનાથી ગાર્ડની ૬ ટીમો રાઉન્ડ લેશે**
**સેકટરોમાં લીમડાના વૃક્ષો કપાતા હોવાની વ્યાપક ફરિયાદો**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં વૃક્ષો કાપવાની વૃતિ પ્રવૃતિ વધતા ગ્રીન સીટીની આગવી ઓળખ સામે ખતરો મંડરાયો છે . જયારે છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં વૃક્ષો કપાતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામતા વન વિભાગ દ્વારા આજથી સેકટરોમાં બીટ ગાર્ડની ૬ ટીમો દ્વારા ખાસ પેટ્રોલીંગ કરવામાં આવશે. આ દરમિયાન વૃક્ષો કાપતા તેમજ વન જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરતા તત્વો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગ્રીન સિટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ નવા આયામોના લીધે વૃક્ષોની કટોતીનુ પ્રમાણ આમપણ વધી ગયુ છે. જયારે વિકાસ કામોના નામે હરિયાળીનો સોથ વળતા પ્રકૃતિપ્રમીઓમાં પણ નારાજગી વ્યાપી છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી શહેરી વિસ્તારમાં વૃક્ષો કપાતા હોવાની બુમરાણ પણ ઉઠવા પામી છે. જેમાં ઈન્દ્રોડા વિસ્તારની મહીલાઓ પણ લીમડાના વૃક્ષો કાપતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. વૃક્ષોની કટોતીના મામલે ઉઠેલી વ્યાપક ફરિયાદોને ધ્યાને લઈ વન તંત્ર દ્વારા ખાસ અભિયાન હાથ ધરવા આયોજન કરી દેવામાં આવ્યુ છે. વન તંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ સેકટર ૧ થી ૩૦માં વન આરક્ષિત જગ્યામાં થતા દબાણો તેમજ વૃક્ષો કાપવાની પ્રવૃતિને અટકાવવા માટે આજથી ૬ બીટ ગાર્ડની ટીમ સેકટરોમાં રાઉન્ડ લેશે. ગાંધીનગર સર્કલના મુખ્ય વન સંરક્ષક એન એસ યાદવની સુચના અન્વયે શહેરી વિસ્તારમાં વૃક્ષોની કટોતી તેમજ લોપિંગ અટકાવવા માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. બપોરે ૧થી ૮ કલાક દરમિયાન આ ટીમો દ્વારા પેટ્રોલીંગ કરવામાં આવશે. આ દરમિયાન વૃક્ષોની કટોતીની પ્રવૃતિ માલુમ પડશે તેવા કીસ્સામાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




**હાફ મેરેથોન** - શહેરમાં પ્રથમવખત યોજાઈ રહેલ હાફ મેરેથોન સંદર્ભે ભારે ઉત્તેજના વર્તાય છે... પ્રસ્થાન કેન્દ્ર ઘ-૫ ઓપન એર થિયેટર ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે... અંદાજે ૨૫૦૦ દોડવીરો હાફ મેરેથોનમાં ભાગ લેશે... (તસવીર : દિપક જાની)

# ઈન્દ્રોડામાં પાણીની સમસ્યાથી ત્રસ્ત ગ્રામજનો ચુંટણીનો બહિષ્કાર કરશે

ગાંધીનગર તા ૨૯


શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ રસ્તા પાણી અને ગટરના પાયાની સુવિધાઓ પુર્ણરૂપે ઉપલબ્ધ થઈ શકી નથી. જેના લીધે શહેરી વિસ્તારના ગ્રામજનોમાં પ્રબળ આક્રોશ છવાયો છે. ઈન્દ્રોડા ગામમાં પણ છેલ્લા ઘણાં સમયથી પાણીની પોકાર ઉઠવા પામી નથી. ગામના રબારી તેમજ રાવળવાસમાં પાણી ન આવતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. ટુંકમાં જ સમસ્યાનુ નિરાકરણ નહીં આવે તો ગ્રામજનો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવામાં આવશે. જયારે ગ્રામજનો દ્વારા આગામી ચુંટણીનો પણ બહિષ્કાર કરવામાં આવશે.

**ગામમાં પાણીનો પોકાર ડામવા કોઈ પગલા લેવાતા નથી : ગ્રામજનોનો આક્રોશ**

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની પોકાર ઉઠવા પામી છે. ગામોમાં પાણી ગટર તેમજ રસ્તાઓની કામગીરી પણ પુર્ણ થઈ નથી. જયારે નવા આયોજનની વાતો પણ હજુ સરકારી ફાઈલોમાં જ અટવાયેલી છે. લાંબા સમયથી ગ્રામજનો દ્વારા પાયાની સુવિધાઓ અપગ્રેડ કરવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવે છે. પરંતુ કરોડોના વિકાસ કામોની હોડમાં ગ્રામજનો પાયાની સુવિધાથી વંચિત છે. તે મામલે જાણે સતત અવગણના થઈ રહી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. શહેરી વિસ્તારના ઈન્દ્રોડા ગામમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યા યથાવત છે. જેના લીધે ગ્રામજનોએ આગામી ચુંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

# હાફ મેરેથોનનો રૂટ આવતીકાલે 'નો વ્હીકલ ઝોન'

**સવારે ૫.૩૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી હાફ મેરેથોનના માર્ગને વન-વે જાહેર કરતુ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામુ**




ગાંધીનગર, તા. ૨૯

રવિવારે પાટનગરમાં ગાંધીનગર રનર્સ ગ્રુપ દ્વારા 'ડ્રીમ રન' તથા 'હાફ મેરેથોન'નું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૫.૩૦ થી ૧૦.૦૦ વાગ્યાના સમયગાળામાં યોજાનાર આ હાફ મેરેથોન દરમ્યાન ટ્રાફિક નિયમન જળવળી રહે તે હેતુસર આ રૂટ 'નો વ્હીકલ ઝોન' જાહેર કરતું જાહેરનામુ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે પ્રસિદ્ધ કર્યુ છે. 'ડ્રીમ રન' તથા 'હાફ મેરેથોન'ના રૂટ મુજબ આ રસ્તાઓ તેટલા સમય પુરતા વન વે જાહેર કરવામાં આવ્યા છે. શહેરના ઓપન એર થિયેટરથી ઘ-૫ સર્કલ - ઘ-૬ સર્કલ - ગ-૬ સર્કલ - ખ-૬ સર્કલ - મહાત્મા મંદિર - સેન્ટ્રલ વિસ્ટા - ઘ-૪ સર્કલ - સેન્ટ્રલ વિસ્ટા - ગ-રોડ - ગ-૩, ૨, ૧, ગ-૦ - સેન્ટ્ર વિસ્ટા - ગ-રોડ - ખ-૬ સર્કલ - ઘ-૬ સર્કલ થઈ ઘ-૫ સર્કલ રૂટ હાફ મેરેથોનનો છે. આ રૂટને વન-વે કરવામાં આવ્યો છે.

# સોલાર સીટીનું સ્વપ્ન સાકાર કરવા મનપા હવે ૩ કરોડ ખર્ચશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવા માટે ૨૦૧૬-૧૭ના વર્ષમાં ગાંધીનગર મહાનગરપાલિકા રૂ.૩ કરોડનો માતબર ખર્ચ કરશે.

ગાંધીનગર શહેરના સ્થાપના દિનની ઉજવણીમાં ભાગ લેતા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગર શહેરને સોલાર સીટીનો દરજ્જો મળે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ પછી રાજ્ય સરકારે પણ સોલાર સીટી માટે લાખ્ખો રૂ.નો ખર્ચ કર્યો હતો પરંતુ હજુ સુધી આ સ્વપ્ન અધુરૂ રહ્યુ છે. દેશના ૬૦ શહેરોને સોલાર સીટી બનાવવાની જાહેરાત પછી રાજ્ય સરકારે રાજકીય દબાણ ઉભુ કરી કેન્દ્રની પણ સહાય મેળવી હતી તેમજ ગાંધીનગરનો સોલારસીટી પ્રોજેક્ટમાં સમાવેશ કરાવવામાં સફળતા મેળવી હતી.

ગાંધીનગર શહેરમાં હાલ ૪૫ મે.વો. સોલાર ઊર્જા ઉત્પન્ન થઈ શકે તેવો શક્યતાદર્શી અહેવાલ રાજ્ય સરકાર પાસે છે. આ પછી રાજ્ય સરકારે રૂફટોપ પોલીસી બનાવી સોલાર ઊર્જાપ્રત્યે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું.

હાલ ગાંધીનગર શહેરમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી ઉપરાંત જીવરાજમહેતા ભવન સોલાર ઊર્જાથી સંચાલિત બન્યા છે. તો શહેરમાં ૭ મે.વો. સોલાર ઊર્જાનું ઉત્પાદન થઈ રહ્યું છે.

**સબસીડી આપવાની ખાસ યોજના સાથે ડ્રાફ્ટ બજેટમાં કમિશ્નરે કરેલી દરખાસ્ત**

તાજેતરમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત સોલાર ઊર્જાને પ્રોત્સાહન આપવાના પ્રોજેક્ટની દરખાસ્ત પણ કેન્દ્ર સરકારને કરી હતી તે ઉલ્લેખનીય છે. ગઈકાલે મહાનગરપાલિકાના ઈન્ચાર્જ કમિશ્નરશ્રી ડી.એન. મોદીએ તેમના ડ્રાફ્ટ બજેટમાં સોલાર સીટીના પ્રોજેક્ટને આગળ ધપાવવા માટે સોલાર લાઈટ અને સોલાર સિસ્ટમની ખરીદી પર સબસીડી આપવાની દરખાસ્ત પણ કરી છે.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ તેમની દરખાસ્તમાં બીન પરંપરાગત ઊર્જાના સ્ત્રોતોનો ઉપયોગ વધે તે માટે નવી સોલાર લાઈટ અને સોલાર સિસ્ટમની ખરીદી અને વપરાશ પર રહેણાંક વિસ્તારમાં આ માટેના કુલ ખર્ચના ૧૫ ટકા તથા બિન રહેણાંક વિસ્તારમાં કુલ ખર્ચના ૫ ટકા સબસીડી મનપા ચુકવશે તેવી દરખાસ્ત કરી આ માટે રૂ. ૩ કરોડની ફાળવણી પણ કરી છે.

આમ ગાંધીનગરને સોલાર સીટી બનાવવાના પ્રયાસોમાં મનપા પણ આગળ આવ્યુ છે. ગાંધીનગરમાં બે ખાનગી એજન્સીઓને સરકારી અને ખાનગી મકાનોમાં સોલાર ઊર્જા ઉત્પાદન માટે પેનલ લગાવવાની કામગીરી સોંપી હતી. જેમાં પાંચ મે.વો. વીજ ઉત્પાદન કરવામાં સફળતા મળી છે. સરકારે રૂફટોપ પોલીસીમાં પણ બદલાવ કર્યો હતો. હવે મનપા પણ પ્રથમવાર આ પ્રયાસોમાં સક્રિય બની રહી છે.


## હાર્દિક અભિનંદન



**શ્રી પ્રતિકભાઈ પી.સેવક**
ટ્રસ્ટીશ્રી, ધરણીધર મંદિર, ઢીમા
મહામંત્રીશ્રી, સમસ્ત બનાસકાંઠા બ્રહ્મસમાજ

આપશ્રીની સમગ્ર બનાસકાંઠા જિલ્લા બ્રહ્મસમાજના મહામંત્રી પદે યુવાન વયે નિમણૂંક થવા બદલ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપશ્રી સમાજ સેવા કરી ઉત્તરોત્તર સામાજીક-રાજકીય પ્રગતિ સાધો અને સમાજને આપના વિચારોને કાર્ય સ્વરૂપે પ્રેરણા આપી સમાજની પ્રગતિમાં સદા સહભાગી બનો તેવી શુભકામના સહ...

હાર્દિક શુભેચ્છક

(૧) છગનલાલ કે.ગોરડીયા
ચેરમેનશ્રી, શ્રી બનાસકાંઠા જીલ્લા હસ્તકલા સહકારી. સંઘ
(૨) બાબુલાલ કે.છત્રાલીયા
પ્રમુખશ્રી,સહયોગ પ્રગતિ મંડળ, જસાલી
(૩) પ્રકાશભાઈ એન.ચૌહાણ
મે.ટ્રસ્ટી, નૈસર્ગિક ટ્રસ્ટ,પાલનપુર
(૪) કિર્તીભાઈ કે.સોની
મે.ટ્રસ્ટી,બનાસકાંઠા મહિલા જાગૃતિ ટ્રસ્ટ,પાલનપુર
(૫) ઈદ્રિશખાન આઈ.પઠાણ -(એડવોકેટ)
પ્રમુખશ્રી,બનાસકાંઠા જિલ્લા દલિત, આદિવાસી વિકાસ ટ્રસ્ટ
(૬) ચંપકભાઈ કે.શ્રીમાળી
પ્રમુખશ્રી,ભુમિધન સાર્વજનિક ટ્રસ્ટ,ચડોતર
(૭) ગૌતમભાઈ આર.કોઈટીયા
પ્રમુખશ્રી,નવસર્જન વિકાસ મંડળ, સરીપડા
(૮) સી.એમ.પરમાર
પ્રમુખશ્રી, પાયસ ફાઉન્ડેશન,કુશ્કલ
(૯) સોરાબજી ઠાકોર
પ્રમુખશ્રી, પ્રગતિ મંડળ,પાલનપુર
(૧૦) જયંતિભાઈ એન.ચૌહાણ
મે.ટ્રસ્ટીશ્રી, માતૃશક્તિ ફાઉન્ડેશન,દલવાડા
(૧૧) ભીખાલાલ એમ.જગાણીયા
પ્રમુખશ્રી, અર્પણ ફાઉન્ડેશન,લીંબોઈ
(૧૨) મદિનાબેન એસ.શેખ
મંત્રીશ્રી,સદભાવના મહિલા અને બાળવિકાસ ટ્રસ્ટ,પાલનપુર
(૧૩) ઈશ્વરલાલ એન.ખાખરેચા
પ્રમુખશ્રી,ગેહલોત જનજાગૃતી ટ્રસ્ટ, સામઢી
(૧૪) અરવિંદભાઈ વી.ખાખરેચા
સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ, સામઢી, પ્રમુખશ્રી
(૧૫) નિલોફરબેન આઈ.પઠાણ (એડવોકેટ)
પ્રમુખશ્રી, ગ્રામ્ય અને શહેરી વિકાસ ફાઉન્ડેશન
(૧૬) અશોકભાઈ ટી.પરમાર
એ.ટી.પરમાર કંસ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર
(૧૭) દલપતભાઈ ડી.ભાટીયા
પ્રમુખશ્રી,સુરજ યુવક મંડળ, ઈકબાલગઢ
(૧૮) જરીનાબેન આઈ.ભાટી
પ્રમુખશ્રી,પારસ એજ્યુકેશન ટ્રસ્ટ,ગોળા
(૧૯) જીતુભાઈ એ.મીઠાપરા
સેક્રેટરીશ્રી,જગતભારતી એજ્યુકેશન ટ્રસ્ટ,ચોટીલા(સુરેન્દ્રનગર)
(૨૦) લક્ષ્મીચંદ એસ.મોદી
પ્રમુખશ્રી,માનવકલ્યાણ ટ્રસ્ટ,સકલાણા


# પાસના અન્ય સાત કાર્યકરોની અટકાયત

**રેશ્મા પટેલ સહીત સાત કાર્યકરોને સાંજે પાંચ વાગે પોલીસ સ્ટેશનમાંથી મુક્ત કરાયા**

અલગ-અલગ જિલ્લાઓમાંથી ગાંધીનગર સચિવાલય તરફ કૂચ કરી રહેલા પાસના સાત કાર્યકરોને શહેરના પ્રવેશદ્વારો પાસેથી જ પકડી લઈ તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. અમદાવાદ વસ્ત્રાલ રોડની નિલકંઠ સોસાયટીમાં રહેતા રાહુલ રમેશભાઈ પટેલ, સુરત વરાછા રોડ ખાતે રહેતા નિખિલ મનસુખભાઈ સવાણી, અમરેલીના ભાવેશ મનસુખભાઈ ગોંડલીયા અને અમદાવાદ વેજલપુરની રેશ્મા વિઠ્ઠલભાઈ પટેલ ઉપરાંત અતુલ પટેલ, ઉદય પટેલ અને ભાવેશ

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



પરમ પૂજ્ય
**સ્વ.વેસ્તાભાઈ નવસાભાઈ વસાવા**
(સ્વર્ગવાસ તા.૨૪ જાન્યુઆરી ૨૦૧૬, રવિવાર)

અમારા પરિવારના મોભી પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ. વેસ્તાભાઈ નવસાભાઈ વસાવાનું અવસાન થયેલ છે, સ્વર્ગવાસીના આત્માની શાંતિ માટે પ્રાર્થનાસભા તા.૦૨ ફેબ્રુઆરી ૨૦૧૬, મંગળવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યા દરમ્યાન અમારા નિવાસ સ્થાને બંગલા નં. ૧૧, મંત્રીશ્રીઓનું નિવાસ સ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર મુકામે રાખવામાં આવેલ છે.

શોકાતુર પરિવાર
અમરસિંહ વેસ્તાભાઈ વસાવા-પુત્ર (નિવૃત્ત ડી.એસ.પી.)
ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા-પુત્ર (અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા)
નરપતભાઈ વેસ્તાભાઈ વસાવા-પુત્ર (સભ્ય તાલુકા પંચાયત-ઉમરપાડા)
રીતેશકુમાર અમરસિંહ વસાવા-પુત્ર (વાઈસ ચેરમેન સુમુલ ડેરી, સુરત)

-: નિવાસ સ્થાન સરનામું :-
ગણપતસિંહ વસાવા, અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા
બંગલા નં. ૧૧, મંત્રીશ્રીઓનું નિવાસ સ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર. ફો.નં.૦૭૯-૨૩૨૫૯૬૦૪



ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



ગાંધીનગર માટે
**LED, LCD & Colour TV રીપેરીંગ**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com